www.thearyasamaj.org


ओ३म्

॥ कृण्वन्तो विश्वमार्यम् ॥



# આર્ય વૈદિક દર્શન

**Arya Vedic Darshan**
**(Monthly)**

**RNI Registration No. GujGuj/2015/63289**
**RNP No. Rajkot / 672 / 2015 - 17**

**पहले धार्मिक बनें, फिर विद्वान।**
**क्योंकि धार्मिकता का मूल्य विद्या से अधिक है।**

| | |
|---|---|
| सृष्टि संवत् | : १,९६,०८,५३,११७ |
| विक्रम संवत् | : २०७३ |
| दयानन्दाब्द | : १९३ |
| वर्ष | : २ |
| अंक | : दिसम्बर - २०१६ |
| वार्षिक शुल्क | : १००रुपये पृष्ठ संख्या : ८ |

**Vol.2, Issue 9, 1 December 2016 Ahmedabad, (Gujarat), Page : 8, Rs. 100 Annual.**


## કૃણ્વન્તો વિશ્વમ્ આર્યમ્‌ને સાર્થક કરવાનું આવા કાર્યક્રમોનો મહત્વનો ફાળો - સ્વામી શાંતાનંદ

# આર્ય પરિવાર સ્નેહમિલન, ૨૦૧૯-૧૭ સમ્પન્ન








ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા દ્વારા દર વર્ષે ગુજરાતમાં વસતા આર્ય પરિવારોનું સ્નેહમિલન યોજવામાં આવે છે. તદ્‌નુસાર ૧૬મું સ્નેહમિલન ગત તા. ૧૧-૧૨-૧૩ નવેમ્બર ૨૦૧૬ના આર્યસમાજ ગાંધીધામ સંચાલિત જીવનપ્રભાત ખાતે ઉત્સાહપૂર્વક વાતાવરણમાં યોજાઇ ગયું. જેમાં ગુજરાતનાં ખૂણે ખૂણેથી આર્ય પરિવારો આબાલવૃદ્ધ સામેલ થયા અને પરસ્પર શુભકામનાઓ પાઠવી.

કાર્યક્રમનો પ્રારંભ સ્વામી શાંતાનંદ (ભવાનીપુર - કચ્છ)ના શુભ હસ્તે દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યો. સભામંત્રી હસમુખભાઇ પરમારે આ પ્રસંગે સૌને આવકાર આપી કાર્યક્રમની રૂપરેખા તથા અન્ય જરૂરી માહિતી આપી.

દ્વિતીય સત્ર પરિચય સત્ર હતું. જેમાં વિવિધ સ્થાનોએથી આવેલા આર્ય પરિવારોએ ક્રમશઃ મંચ પર આવીને પોત-પોતાનો પરિચય આપ્યો અને જણાવ્યું કે પોતે આર્યસમાજ સાથે કઇ રીતે અને કોની પ્રેરણાથી જોડાયા. ઉલ્લેખનીય છે કે આર્ય પરિવારોના પાંચ વર્ષના બાળકથી માંડીને ૮૦ વર્ષના વૃદ્ધો પણ ઉપસ્થિત રહ્યાં. જેમાં કિશોર વય અને યુવા વયની ઉપસ્થિતિ નોંધનીય હતી. મહિલાઓની સંખ્યા પણ નોંધપાત્ર હતી. પરસ્પરનો પરિચય મેળવી સૌએ પોતાપણાનો અનુભવ કર્યો, અને ગુજરાતનાં દૂર-દૂરના ક્ષેત્રોમાં ક્યાં-ક્યાં આર્ય પરિવારો વસે છે તેની જાણકારી મેળવી.

પ્રથમ દિવસના કાર્યક્રમોનો ક્રમ આગળ વધતા એક ખૂબ જ પ્રરિણાદાયી અભિયાન પ્રાંતીય સભાએ શરૂ કર્યુ છે તે સંપૂર્ણ વૈદિક ધર્મી આર્ય પરિવાર સન્માન હતો. વ્યક્તિ નિર્માણથી પરિવાર નિર્માણ અને પરિવાર નિર્માણથી સમાજ નિર્માણના લક્ષ્ય સાથે આ અભિયાન સભા દ્વારા ચલાવવામાં આવે છે. જેમાં દર વર્ષે એ પરિવારોનું વિશેષ સન્માન કરવામાં આવે છે કે જે પરિવારમાં કોઇ પણ પ્રકારનું અવૈદિક કાર્ય-કર્મકાંડ ન થતું હોય, કોઇ પણ પ્રકારના સાંપ્રદાયિક કે જાતિવાદ સંગઠનમાં ન જોડાયા હોય તેમજ નિયમિત સંધ્યા, દેવયજ્ઞ, વૈદિક સાહિત્યનો સ્વાધ્યાય થતો હોય તેવા પરિવારોને સભા દ્વારા






અનુસંધાન પાના નં. ૪ પર...

www.thearyasamaj.org



# आर्यसमाज के सिद्धान्त

## –ઈશ્વરનો અવતાર

પાપિઓના વિનાશ કરવા માટે ઈશ્વર અવતાર લે છે આ પૌરાણિક માન્યતાથી આર્યસમાજ સંમત નથી. કેમકે ઈશ્વર સર્વ વ્યાપક, સર્વશકિતમાન હોઈ તેને એક દેશ, પ્રદેશ કે અલ્પ સામર્થ્ય વાળો બતાવવો એ તો આધ્યાત્મિક અપરાધ છે. જે શરીર વગર પણ વિશ્વ બ્રહાંડની રચના, પાલન કે પ્રલય કરે તેને પોતાને કોઈ પાપીઓને મારવા કે દંડવા માટે કઈ રીતે મનુષ્ય શરીરનો આશ્રય લેવો પડે ? ઈશ્વરનો મહીમા, ગુણગાન સંસારના પ્રત્યેક પદાર્થ, મનુષ્ય પ્રતિક્ષણ ગાતા રહે છે, આથી એ કહેવું કે, પોતાની લીલા બતાવવા માટે ઈશ્વર અવતાર લે છે તે સંપુર્ણપણે મિથ્યા છે.

શ્રી કૃષ્ણને ઈશ્વરનો સંપૂર્ણ અવતાર બતાવવાવાળાઓ નો માન્ય ગ્રંથ મહાભારત છે. તેમાં બતાવવામાં આવ્યુ છે કે, યદુવંશિઓ એ પરસ્પર નશામાં ઝગડો કરીને વંશનો નાશ કરી નાખ્યો. તે વખતે શ્રીકૃષ્ણ તેમને બચાવી શકયા નહી. આથી એ પ્રમાણિત થાય છે કે અવતારવાદ નો સિધ્ધાંત ફકત કલ્પના પર આધારિત છે. જે એમ કહે છે કે ઈશ્વર અવતાર લઈને પાપિઓનો નાશ કરે છે તેમને એ જ્ઞાન હોવું જોઈએ કે, પાપીઓનો સંપૂણ નાશ તો આ પૃથ્વી પર કોઈ પણ કરી શકયું નથી. ઈતિહાસ સાક્ષ્ય છે કે અવતારો ના પહેલા અને પછી પણ પાપી લોકો હતા અને આજે પણ છે. જે ઈશ્વરને સંપુર્ણ જગતનો વિનાશ કરવા માટે અવતાર લેવાની જરૂરીયાત ન હોય તો રાવણ, કંસ આદી ને મારવા માટે કોઈ શરીરનો આશ્રય લેવો પડે તે તો સર્વશકિતમાન ઈશ્વરનું અપમાન તથા ઉપહાસ જ કહેવાય.

## –પાપનો નાશ

લગભગ બધાજ અવૈદિક મત પંથ સંપ્રદાય એ સ્વીકારે છે કે મનુષ્ય પોતાના દ્વારા કરવામાં આવેલ પાપ કર્મોના ફળથી બચી શકે છે. મતલબકે કોઈ પણ વ્યકિતથી જાણે અજાણ્યે પાપ કર્મ થઈ જાય તો તે તીર્થ સ્થાન, દાન, જપ, વ્રત, ઉપવાસ,સંકીર્તન, મૂર્તિ દર્શન, નામ સ્મરણ, કોઈ ધાર્મિક પુસ્તકના પઠન શ્રવણ કરવાથી પોતા દ્વારા કરવામાં આવેલ પાપકર્મો ના ફળમાંથી બચી શકે છે.

પાપ વિમોચનની આ કલ્પિત માન્યતાઓ ને કારણે તો માનવ સમુદાય પાપ તરફ વધુ ને વધુ પ્રવૃત થતો રહયો તેમાં કોઈ પણ સંશયને સ્થાન નથી. જે લોકો ઈંડા, માંસાહાર અને અભક્ષ્ય પદાર્થો, બીડી–તંબાકુ, ભાંગ શરાબ આદિ માદક દ્રવ્યોનુ સેવન કરે છે, ગાળો બોલે છે, જૂઠું બોલે છે, લાંચ રુશ્વત લે છે અને આપે છે, ધંધા વ્યવસાયમાં ગ્રાહકોને છેતરે છે, કોઈની મા–બહેનો પર કુદ્રષ્ટિ કરીને ગંગા સ્નાન કરવું, વ્રત ઉપવાસ કરવા, શિવલિંગ પર જળ ચડાવવું, રાતોના રાતો સુધી ભજનો ગાવા, કોઈ ધર્મગ્રંથ વાંચવા કે વંચાવવા, ગુરૂમંત્ર જપવા, વિભિન્ન મંદીરોમાં જવાથી આ પ્રકારના પાપોમાંથી કોઈ દિવસ મુકતી મળી શકે નહી અને આ પ્રકારના પુણ્ય કર્મોથી પાપ કર્મો બાદ થઈ જાય તેવી ગણતરી હોય શકે નહી. દરેક પાપ કર્મોનુ ફળ ચુકવવું જ પડે. વેદ વિરૂધ્ધ મત ધરાવનારાઓ એ અજામિલ, ગણિકા વિગેરે ના ઉધ્ધારની ઉપજાવેલી કાઢેલી વાર્તાઓથી આ પ્રકારના પાપિઓને વિશેષ પ્રોત્સાહન મળે છે.

## જન્મપત્રી / જન્માક્ષર

જન્મ તથા સમય ના આધાર પર બનાવવામાં આવતા જન્માક્ષરમાં જે ભવિષ્યવાણી નો ઉલ્લેખ કરવામાં આવે છે તે માત્ર કલ્પના પર આધારીત છે. આનો સત્ય એવમ વૈદિક પરંપરાથી દુર દુરનો કોઈપણ સંબંધ નથી.

જે લોકો જન્માક્ષર મેળવીને લગ્નો કરે છે તેમના લગ્ન વિચ્છેદ શું નથી થતા ? મેં એવા અનેક લગ્નો જોયા છે કે જેમાં જન્માક્ષરો મેળવીને ત્યારબાદ લગ્ન કરવામાં આવેલા હોય છે અને બહુજ ટુંકા સમયમાં તેમનો લગ્ન વિચ્છેદ થયો હોય છે. શું આપણે કોઈ મહાન વ્યકિત જેવાકે રાષ્ટ્રપતિ, વડાપ્રધાન, મહાન વિધ્વાન વ્યકિતની જન્મકુંડળીમાં એવું ભવિષ્ય જોયુ છે કે આ વ્યકિત આવો મહાન હોદો ધરાવશે ?

જન્મપત્રી વાળી પૌરાણિક માન્યતાઓ નું હું ખંડન કરીશ એવું મારી જન્મપત્રીમાં તો કયાંય લખેલું નથી.

તાજેતરનો જ દાખલો લઈએ તો કોઈપણ જયોતિષ શા માટે રૂા. ૫૦૦/– કે રૂા.૧૦૦૦/– ની નોટો ભારત દેશના ચલણમાંથી નાબુદ થશે તેવી ભવિષ્યવાણી કરી શકયા નહી ?

જીવાત્માઓ માટે કર્મ કરવાની સ્વતંત્રતા એવં ઈશ્વરના ન્યાયના નિયમો સ્વીકારવા વાળો આર્યસમાજ આવી નિરર્થક વાતો પર વિશ્વાસ કરતો નથી. જન્માક્ષરનો ઉદેશ્ય કેવળ અને કેવળ જન્મતારીખને પ્રમાણિત કરવા સિવાય બીજો કોઈપણ હોવો જોઈએ નહી. આ સિવાય બીજું કંઈપણ જન્માક્ષરમાં લખવું જોઈએ નહી.

સંકલન :– દીપક ઠકકર

dipak.popat1960@gmail.com

www.thearyasamaj.org




**इस मास के विशिष्ट व्यक्ति**

स्वामी श्रद्धानन्दजी के बलिदान दिन (२३ दिसम्बर) पर विशेष लेख.

# अस्पृश्यता प्रगति से बाधक है – स्वामी श्रद्धानन्द

**(स्वामी श्रद्धानन्दजी ने सन् १९२४ में हिन्दू संगठन नाम से एक पुस्तिका लिखी थी। प्रस्तुत लेख इसी पुस्तिका का अंश है। अस्पृश्यता की समस्या भी उतने ही जलवन्त रूप में विद्यमान है, जितनी उस समय थी। अतः इस लेख का वर्तमान मे समान महत्त्व है, जब कि देश के कोने-कोने से हिन्दुओं के धर्म परिवर्तन की घटनाएँ प्रायः रोज सुनने में आ रही हैं।)**



हिन्दुओं में प्रचलित अस्पृश्यता का अभिशाप उनके सम्मान पर एक बट्टा है और उनके इस पाप का दुष्टपरिणाम सम्पूर्ण भारतीय राष्ट्र भुगत रहा है। जब कभी हमारे राजनीतिक नेता स्वराज्य की मांग पेश करते हैं तो उसके सामने उनके पापों को रखकर उनका मुंह बन्द कर दिया जाता है। जो लोग अपने ही समाज के एक तिहाई लोगों को गुलाम बनाये हुए हो और उन्हें पैरों तले कुचल रहे हों, उन्हें विदेशियों द्वारा किये गये अत्याचारों के विरुद्ध शिकायत करने का कोई अधिकार नहीं।

प्रश्न उत्पन्न होता है कि ये अस्पृश्य अथवा अछूत कौन हैं? क्या वे दक्षिणि अफ्रीकी के जुलु लोगों के देश से आये थे अथवा नरक की जलती हुई अग्नि में से बाहर धकेल दिये गये थे? कम से कम स्वर्ग से नहीं गिराये गये, वह उनकी अवस्था से भली-भांति प्रकट है। यदि थोडे धैर्य से और पक्षपात शून्य होकर खोज की जाये तो यह अच्छी प्रकार सिद्ध किया जा सकता है कि अछूतों के और तो और भांगियो और घेडों के भी – गोत्र वही हैं जो तीन उच्चवर्गो कहे जाने वाले सवर्ण हिन्दुओं के हैं। इस प्रकार यह स्पष्ट है कि इनका भी मूल उद्‌गम स्थान वही है जहां ब्राह्मण, क्षत्रिय और वैश्य प्रकट हुए हैं। बहुत सम्भवतः उनके नैतिक पतन के कारण उन्हें सामाजिक दृष्टि से भी निम्न वर्ग में धकेल दिया गया। यदि वह रहन – सहन को सुधार लेते हैं और नैतिक दृष्टि से भी ऊपर उठने लगते हैं तो उन्हें अपनी पुरानी स्थिति प्राप्त करने से कोई नहीं रोक सकता। यह एक सीधा सादा सत्य है, जिनकी हिन्दुओं ने शताब्दियों से उपेक्षा की है। महाप्रभु चैतन्य, कबीर, नानक, दादू, गुरु गोविन्दसिंह तथा कुछ अन्य सुधारकों ने हिन्दुओं के इस पाप के विरुद्ध आवाज उठाई, परन्तु उनकी वाणियां बहरे कानों में पडी। तब एक बाल ब्रह्मचारी का प्रादर्भाव हुआ और उसने गुंजायमान शब्दों से हिन्दुओं में कर्तव्य की भावना उत्पन्न की और सम्पूर्ण आर्य-जगत् की हड्डियों तक को कंपा दिया। यह सुधारक था महर्षि दयानन्द सरस्वती, जिसने प्रत्येक मनुष्य के समानाधिकार का दावा किया और संमाज को गुण, कर्म के अनुसार चार वर्णो मे विभाजित करने की आवाज उठाई। जब यह महान् आचार्य कार्यक्षेत्र में उतरा तब हिन्दुत्व धाराप्रवाह रुप में ईसाइयत में विलीन होता चला जा रहा था। उसने एक बुलन्द और आध्यात्मिक आवाज में रुकने का आदेश दिया और प्रवाहित होती धारा एकदम रुक गई। पथभ्रष्ट लोगों को पथ का निर्देश किया, दहेरादून के मुंशी महमद उमर को पुनःग्रहण करके अलखधारी नाम रखा। इसके बाद तो उन सैंकडो हिन्दुओं का – जो कि लालच आदि द्वारा सार्वजनिक वैदिक अक्षय वृक्ष की छाया से दूर हटा दिये थे – पुनः आर्यधर्म में खींच लिया।

परिणामः उच्च वर्ग के हिन्दुओं का विरोधी धर्मो में प्रवेश एक भूतकालीन वस्तु हो गई। जब महर्षि दयानंद ब्राह्मधाम को प्रस्थान कर गये तब आर्यसमाज ने अपने आचार्य के काम को उठाया। तब इसाई मिशन के दुराग्रही हिन्दुओं द्वारा पीडित अछूत वर्ग को पोल के धर्म में परिवर्तित करने को सोचा। यह एक सरल और सीधा-सादा कार्य था। एक बार रामचरण चमार की चोटी कटी, उसके माथे पर पानी से क्रोस के चिन्ह बनाये गये, उसने गोमांस खाना आरम्भ कर दिया, उसका नाम पीटर जोन अथवा पोल रख दिया गया, उसे उसी कालीन पर बैठने का अधिकार प्राप्त हो गया, उसी कुएं का पानी खींचने का अधिकार हो गया जिसका उपयोग हिन्दू करते थे और तो और वह ब्राह्मणों से हाथ भी मिलाने लगा। चमार, धेड, डोम आर पारसी हजारों की संख्या में ईसाइयत को अपनाने लगे। तब इस समस्या की और आर्यसमाज का ध्यान आकृष्ट हुआ और आर्यसमाज ने इन पथभ्रष्ट लोगों को इनके पथ पर लाना शुरू किया तथा आर्यसमाजियों ने लोगों क प्रश्रय और अभय देना, अपने धर्म को छोडकर जानेवाले दलितों को शुद्ध करना आरम्भ कर दिया।

इस शुद्धि आन्दोलन का कट्टर हिन्दुओं द्वारा प्रब्ल विरोध किये जाने के कारण यह प्रतीत होने लगा कि अछूतोद्धार का कार्य लगभग असम्भव हो जायेगा। परन्तु आर्यसमाजने, पर अपना दृढ हाथ रखकर भूमि के सुधार के बीज बोये जा सकने योग्य बनाना नहीं छोडा। सबसे प्रथम रहतियों की सामूहिक शुद्धि की गई। यह सिक्खों का एक वर्ग था, परन्तु खालसा लोग भी इन्हें अपने साथ दरी पर बैठने का अधिकार नहीं देते थें। सिक्ख धर्म के संस्थापक श्री गुरुगोविन्दसिंह ने स्वयं इस वर्ग को 'कृपाण' द्वारा तैयार अमृत पिलाकर सिक्ख धर्म में दीक्षित किया था। सन् १८९६ के मध्य में इस वर्ग के लोगों ने अपनी शुद्धि के लिए प्रार्थना की और अगले कुछ ही मासों में एक हजार से भी अधिक व्यक्ति आर्यसमाज में भाइयों के रूप में प्रविष्ट कर लिये गये। इन लोगों को पूर्ण सामाजिक और धार्मिक अधिकार प्रदान किये गये। पहले-पहले तो आर्यसमाजियों को अनेक कष्ट दिये गये, और आर्यसमाजियों का सामाजिक एवं जाति बहिष्कार किया गया। परन्तु १८९८ के अन्त तक यह विरोध-भाव समाप्त हो गया और लगभग एक हजार रहतिये हिन्दू समाज में खपा लिये गये।

१९०२ में आर्यसमाज ने स्यालकोट (पंजाब) में मेघों के उद्धार का प्रश्न अपने हाथ में लिया। इन मेघों को भी अछूत समझा जाता था। पहले तो यहाँ भी इस कार्य का तीव्र विरोध किया गया। हिन्दुओं द्वारा इन नयें आर्यसमाजियों को पिडित करने के कार्य में मुसलमान भी सम्मिलित हो गये थे, परन्तु जब डेढ लाख से अधिक व्यक्ति अन्य कार्यों के समान अधिकार भोगने लगे तो वह विरोध अपनी प्राकृतिक मृत्यु से मर गया और तब मुजफ्फरगढ और मुलतान जिले के ओड पंजाब के पहाडी प्रदेशों के डोम हजारों की

અનુસંધાન પાના નં. ૫ ૫૨

www.thearyasamaj.org



અનુસંધાન પાના નં. ૧ પરનું ચાલુ..

## આર્યપરિવાર સ્નેહમિલન - ૨૦૧૬-૧૭

સંપૂર્ણ વૈદિક ધર્મી પરિવાર જાહેર કરવામાં આવે છે. સભા દ્વારા દરેક આર્યસમાજોને એક ખાસ પત્રકનો નમૂનો મોકલવામાં આવે છે, જેમાં પરિવાર અંગેની માહિતી ભરાવવામાં આવે છે, જેને આર્યસમાજના પ્રમુખ અને મંત્રી પ્રમાણિત કરે છે. ત્યાર બાદ પ્રા. સભા દ્વારા ચકાસણી કર્યા બાદ સંપૂર્ણ વૈદિકધર્મી તરીકે માન્યતા અપાય છે. ચાલુ વર્ષમાં માત્ર એક પત્રક શ્રી નટવરસિંહ હરિસિંહ પરમાર (આર્યસમાજ, હાથીખાના, રાજકોટ) નું માન્ય રહયું. તેઓનું સપરિવાર સન્માન ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે સન્માનપત્ર, શ્રીફળ અને શાલ અર્પણ કરી કરવામાં આવ્યું. સત્રના અંતે સ્વામી શાંતાનંદ અને ડૉ. દેવશર્માના પ્રવચન યોજાયા. સાયંકાલીન સંધ્યા, ઉપાસના ઋષિ ઉદ્યાનમાં રાખવામાં આવી. જે સ્વામી શાંતાનંદ સરસ્વતીએ કરાવી.

રાત્રિકાલીન સત્રમાં સૌ આર્યપરિવારોને વિચાર ટી.વી. દ્વારા નિર્મિત ફિલ્મ 'યે કહાં આ ગયે હમ' બતાવવામાં આવી.

બીજા દિવસનો પ્રારંભ સંધ્યા-ઉપાસના અને દૈનિક યજ્ઞથી કરવામાં આવ્યો. આજનું પ્રથમ સત્ર આર્ય સંતાનો માટેનું હતુ. આર્ય સંતાનો, આર્ય વીરો, આર્ય વીરાંગનાઓ માટે પ્રશ્નમંચનું રાખવામાં આવેલ હતું. જેમાં ભાગ લે તેઓને સામાન્ય જ્ઞાન, આર્યસમાજ અને વૈદિક ધર્મનાં સિદ્ધાન્તો તથા મહર્ષિ દયાનંદનાં જીવન અને કાર્ય સંબંધી પ્રશ્નો પૂછવામાં આવે છે. ભાગ લેનાર સ્પર્ધક તરીકે જોડાય છે. સ્પર્ધાના અંતે પ્રથમ, દ્વિતીય, તૃતીય વિજેતા જાહેર થાય છે. આ વર્ષની સ્પર્ધામાં તમામને રોકડ પુરસ્કાર ક્રમશઃ રૂા. ૫૦૦, ૩૦૦, ૨૦૦ તથા અન્યને રૂા. ૧૦૦ આપવામાં આવ્યા. સ્પર્ધાત્મક કાર્યક્રમ હોવાથી સૌ



શ્રોતાજનોમાં ઉતેજના અને ખુશીની લહેર વ્યાપી ગઇ હતી. ત્યાર બાદ આર્ય સદસ્ય / સભાસદ સંતાનોની ગત સત્ર ૨૦૧૫-૧૬ ની શૈક્ષણિક સિદ્ધિ સન્માન કરવામાં આવ્યું. SSC, HSC, Graduate, Post



Graduate તેમજ અન્ય વિશેષ સિદ્ધિ પ્રાપ્ત આર્ય સંતાનોને સભા દ્વારા પ્રમાણપત્ર, સ્મૃતિ ચિહ્ન, કેલ્ક્યુલેટર, પેન વગેરે અર્પણ કરવામાં આવ્યા.

સત્રના અંતે ડૉ. દેવશર્મા અને સ્વામી શાંતાનંદજીના વિદ્વતાપૂર્ણ પ્રવચન યોજાયા.

બપોર બાદના સત્રના પ્રારંભમાં વયોવૃદ્ધ સન્માન રાખવામાં આવ્યું. જે આર્યોએ પોતાના જીવનનાં ૬૦ વર્ષ પૂર્ણ કરેલ છે. તેઓને શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા. જેમાં શ્રી નવીનભાઇ વેલાણી (પ્રમુખ-આર્યસમાજ, માંડવી), શ્રી લખમશીભાઇ વાડીયા (મંત્રી-આર્યસમાજ, માંડવી), શ્રી નાનુંભાઇ પ્રજાપતિ (આર્યસમાજ, પાટણ)નું સન્માન થયું.

વિદ્વાનોના આશીર્વાદ સાથે સત્ર પૂરૂ થયું. ત્યાર બાદ પરિવાર મિલનમાં પધારેલ બાળકો, યુવકો, મહિલાઓ અને પ્રૌઢો માટે રમત-ગમતનું આયોજન કરવામાં આવ્યું. ઋષિ ઉદ્યાનના હરિયાળીથી છવાયેલા વાતાવરણમાં વિવિધ સાહસિક અને મનોરંજક રમતોમાં સૌએ ભાગ લીધો અને તન-મનુહ પ્રફૂલ્લિત થયા. આનંદ અને ઉલ્લાસથી વાતાવરણ ગૂંજી ઊઠયું.

સ્વામી શાંતાનંદ સરસ્વતી પોતાના પ્રવચનનો મુખ્ય વિષય દરેક વ્યક્તિના આર્યકરણ અને એ દ્વારા કૃણ્વન્તો વિશ્વમાર્યમ્‌ને સાર્થક કરવા પર ભાર મૂકયો હતો. અને વેદ મંત્ર દ્વારા વિસ્તારથી સમજૂતિ આપી હતી.

ડૉ. દેવ શર્માએ પરિવાર શબ્દની વ્યાખ્યા કરતા જણાવ્યું કે જેમાં ચારે બાજુથી વરણ કરવાનું હોય અને વરણ હંમેશ શ્રેષ્ઠનું કરવાનું હોય. જ્યાં વરણ (પસંદગી-ચૂટણી) થાય છે. તે પરિવારના સભ્ય બને છે. પત્ની પતિનું વરણ કરે છે. વરણ કરવા માટે ગુણ - કર્મ - સ્વભાવની પરીક્ષા કરવા મહર્ષિ દયાનંદે સૂચવ્યું છે. પરંતુ જ્યાં આ બાબતનું ધ્યાન નથી રખાતુ ત્યાં કજોડા રચાય છે.

અનુસંધાન પાના નં. ૭ પર

## આવો, પરિચય કરીએ
## મહર્ષિ દયાનંદ રચિત ગ્રન્થોનો...

**ગ્રન્થનું નામ : સત્યધર્મ વિચાર અર્થાત્ ચાંદાપુરનો મેળો.**

**રચના કાળ :** વિક્રમ સંવત. ૧૯૩૭ **ભાષા :** હિન્દી



**પરિચય:** સહારનપુર જિલ્લાના ચાંદપુરમાં સંવત ૧૯૩૩ ના ચૈત્ર માસમાં મુન્શી મુક્તાપ્રસાદ અને મુન્શી પ્યારેલાલે એક ધર્મસંમેલનનું આયોજન કર્યુ હતું. જેમાં વૈદિક ધર્મના આચાર્ય તરીકે સ્વામી દયાનંદને આમંત્રિત કર્યા હતા. ધર્મચર્ચા માટે ઈસ્લામના દેવબંધના મૌલાના મહમદ કાસિમ અને દિલ્લીના મૌલવી અબ્દુલ મન્સુરી, ઇસાઇઓના પાદરી ટી. જે. સ્ટોક, પાદરી નવલ, પાદરી પાર્કર, પાદરી જેન્સન આવેલ. જેમાં બે દિવસીય ચર્ચા કરવામાં આવી. જેના વિલયો પાંચ હતા પરંતુ વેદ, બાઇબલ, કુરાન ઇશ્વરીય હોવામાં કયા-કયા પ્રમાણ છે ? તથા મુક્તિ શું છે અને તે કેવી રીતે પ્રાપ્ત થઇ શકે, એ બે વિષયો ઉપર ચર્ચા થયેલ. આ ધર્મ મેળો અર્થાત્ શાસ્ત્રાર્થનું સવિસ્તર વર્ણન આ ગ્રંથમાં છે. ગ્રંથ પ્રાપ્ય છે.



www.thearyasamaj.org



અનુસંધાન પાના નં. ૩ પરનું ચાલુ..

स्वामी श्रद्धानंद બલિદાન દિવસ

संख्या में शुद्ध किये गये एवं मेघो के उद्धार के लिए जम्मू और काश्मीर रियासत में तथा अन्यत्र आन्दोलन किया गया। परिणामत: ४० हजार से भी अधिक आर्यसमाज में प्रविष्ट हो गये और अब तक वे आते जा रहे हैं। इस प्रकार पंजाब पथप्रदर्शन करता रहा है और पिछली सेंसस रिपोर्ट क(१९२१) से पत्ता चलता है कि संयुक्त प्रान्त के आगरा और अवध का ईसाई मिशन इस बात की शिकायत करने लगा कि उनके द्वारा संचालित धर्म-परिवर्तन के कार्य में आर्यसमाजियों द्वारा रुकावटें डाली जाती हैं।

दिल्ली तथा उसके आसपास, आर्यसमाज उन सैंकडों अछूतो को पुन: हिन्दूधर्म में ल आया जो केवल नाममात्र के ईसाई थे। हजारों धानकों, चमारो, रहगडो और भंगियो तक को भविष्य में ईसाइयों के होने वाले आक्रमणों से बचा लिया। ईसाई मिशनरियों ने तो निराश होकर यह धर्म परिवर्तन का कार्य ही छोड दिया होता, यदि उन्हें अप्रत्याशित रूप से सहायता न मिल गई होती।

हिन्दुओं के सामूहिक रूप से धर्म-परिवर्तन के लिए अत्यधिक उत्साही होते हुए भी मुस्लमानों के अपना यह काम छोड देना पडा और उनका यह कार्य भाग्य के सहारे और अति सूक्ष्म ढंग से होने लगा। सेन्सस रिपोर्ट से यह स्पष्ट हो जाता है कि १९११ से पंजाब में तथा अन्यत्र मुसलमान भंगियों की संख्या कम हो गई है, जबकि अनुपात से हिन्दू भंगियों की संख्या बढ गई। संयुक्त प्रान्त के सम्बन्ध में १९११ की सेन्सस डरपोर्ट के पृष्ठ ५४ पर कहा है – इस्लाम में धर्म परिवर्तन के उदाहरण इतने विरल हैं कि उनकी उपेक्षा की जा सकती है, परन्तु असहयोग आन्दोलन के पूर्ण यौवन के दिनों में जब महात्मा गांधी ने स्वराज्य प्राप्त करने की शर्तों में एक शर्त यह रख दी कि अछूत वर्ण को हिन्दुओं में पूर्ण रूप से मिला लिया जाये और उनका उद्धार किया जाये तो मुसलमान नेताओं ने इसे एक स्वर्ण अवसर समझा और अछूतों को इस्लाम में दीक्षित करने का एक आयोजन प्रारम्भ कर दिया।

मेरे लिए तो अस्पृश्यता के अभिशाप को उखाड फेंकना भारतीय राष्ट्रीयता की सुरक्षा के लिए एक आवश्यक शर्त है। अखिल भारतीय महासभा (कांग्रेस) के ३४ वें अधिवेशन की स्वागत समिति के अध्यक्ष पद से २७ दिसम्बर १९१९ को अमृतसर में बोलते हुए मैंने राष्ट्रीयता को संकट में से निकालने के लिए राष्ट्रीय शिक्षण और अपृश्यता – निवारण इन दो साधनों पर बल दिया था। अस्पृश्यता निवारण के सम्बन्ध में मैंने कहा था –

'राष्ट्र में एक वस्तु की कमी है। वह क्या है? मुक्ति सेना (साल्वेशन आर्मी) के जनरल बूथकर ने 'सुधार योजना समिति' के सम्मुख अपने वक्तव्य में कहा था कि साढे छ: करोड भारतीय अछूतो को विशेष सुविधा दी जानी चाहिए, क्योंकि वे ब्रिटिश सरकार के आधार स्तम्भ हैं। मैं आपसे निवेदन करूंगा कि आप इस वक्तव्य के अन्तस्तल में घुसकर जानने का प्रयत्न करें कि वे साढे छ: करोड अछूत सरकार के आधार स्तम्भ कैसे बन सकते हैं? जब कि आप इस प्रवित्र पण्डाल में इकट्ठे हुये हैं तो मैं आपसे प्रार्थना करूंगा कि आप यह शपथ उठायें कि इन अछूतों के प्रति आपका व्यवहार इस प्रकार का हो कि उनके बच्चों आपके बच्चों के साथ कोलेज और स्कूलों में पढ सकें, आप उन्हें अपने परिवारों में उसी प्रकार घुलने – मिलने दीजिये जिस प्रकार आप स्वयं अपने परिवारों में घुलते-मिलते हैं। इसका परिणाम यह होगा कि वे आपकी राजनीतिक और सामाजिक प्रगति में आपके साथ अपने कन्धे भिडाकर चल सकेंगे। देवियों और सज्जनो! आप मेरे साथ मिलकर हृदय से प्रार्थना कीजिये कि मेरा यह स्वप्न सत्य सिद्ध हो –'

–अमृतसर के कांग्रेस अधिवेशन के बाद मैंने गुरुकुल का कार्य सम्भाल लिया, परन्तु जब कांग्रेस का कलकत्ते में विशेष अधिवेशन हुआ तो मैं केवल मात्र इस कारण उसमें सम्मिलित हुआ, क्योंकि मैंने स्वागत समिति को एक प्रस्ताव भेजा हुआ था, जिससे उस महान् राष्ट्रीय असेम्बली से यह प्रार्थना की गई थी कि कांग्रेसी प्रोग्रामों की सूची में अछूतोद्वार के कार्यक्रम को सम्मिलित कर ले। परन्तु दुर्भाग्य स उस प्रस्ताव पर विषय – समिति तक में विचार करने की आवश्यकता नहीं समझी गई।

नागपुर के कांग्रेस अधिवेशन से पूर्व महात्मा गांधी मद्रास गये थे। वहाँ दलित जाति के लोगों ने अपनी स्थिति के सम्बन्ध में इस प्रकार के प्रश्न गांधीजी से किये कि वे हकला गये और उसके बाद स्वराज्य प्राप्ति के लिए यह भी शर्त लगा दी कि १२ मास के अन्दर-अन्दर अस्पृश्यता दूर कर दी जानी चाहिए।

मैंने दिल्ली में दलितोद्धार सभा का संगठन किया और महात्मा गांधी को कार्यसमिति से आर्थिक सहायता दिलाने के लिए तार किया। परन्तु बाद में मुझे पत्ता लगा कि कांग्रेस इस सम्बन्ध में कुछ नही कर सकती है। ९ सितम्बर १९२१ को एक पत्र हिन्दी में महात्माजी को लिखा था। उसका कुछ भाग इस प्रकार है –

मैनें लाहौर से तार दिया था कि मैं चाहता हूँ कि प्रान्तीय कांग्रेस कमेटी द्वारा आर्थिक सहायता दी जाये। परन्तु दिल्ली पर्हुचने पर मुझे ज्ञान हुआ कि कांग्रेस के लिए अछूतोद्धार कार्य के लिए व्यय करना असम्भव है। दिल्ली और आगरा के चमारो की केवल मात्र यह मांग थी कि उन्हे कुओं से पानी भराने दिया जाये, और उन्हे पानी भरने दिया जाये, जिसे हिन्दु और मुसलमान दोनों पानी भरते हैं और उन्हें पानी पत्तों द्वारा न पिलाया जया करें। मैं अनुभव करता हूँ कि कांग्रेस कमेटि के लिए केवल इस मांग को पूरा कर सकना सम्भव नहीं। केवल इतना ही नहीं, मैंने जिस कांग्रेसी मुसलमान से हिन्दुओं के लिए सहायता मांगी, उसने उत्तर दिया कि यदि सार्वजनिक कुओं से हिन्दुओं ने अछूतों को पानी भरने की आज्ञा भी दी, तो मुसलमान उन्हें बलप्रयोग द्वारा कुंओं से भगा देंग, क्योंकि चमार मुर्दा पशुओं का मांस खाते हैं। मैं अपने अनुभव से कह सकता हूं कि इन चमारों में से हजारों शराब और मांस को छूते भी नहीं हैं और जिन्हें मुर्दा मांस खाने की लत पड गई है अब वे भी आर्यसमाज के प्रचार के परिणाम स्वरूप अपनी आदत को छोडते जा रहे हैं। मैंने यह पत्र आपको केवल सूचना देने के लिए लिखा है कि अब मैं कांग्रेस कार्यसमिति से आर्थिक सहायता के लिए प्रार्थना नहीं कर सकता। मैं अपनी समिति के स्त्रोतों के अनुसार जो कुछ कर सकता हूँ वह सब करूंगा।'

एक अवसर और परिस्थित हुआ जब मैंने लखनऊ में होने वाले कांग्रेस के अधिवेशन के समय यह प्रयत्न किया कि कांग्रेस सच्चे हृदय से अस्पृश्यता निवारण के प्रश्न को अपने हाथ में ले ले, परन्तु इस पत्र व्यवहार का कुछ परिणाम नहीं निकला। इस पत्र व्यवहार को मैंने 'माई पार्टिंग एडवाइस' के नाम से कुछ समय पूर्व प्रकाशित कर दिया था और वहाँ देखा जा सकता है।

www.thearyasamaj.org





## શ્રી જયંતીભાઇ પ્રજાપતિ (સુરત)
# સ્વામી ક્ષમાનંદ બન્યા.

શ્રી જયંતીભાઇ અમરશીભાઇ ઝાંઝમેરા તાતણીયા (ગિર) નિવાસી હાલ સુરત સંન્યાસ દીક્ષા ગ્રહણ કરી સ્વામી ક્ષમાનંદ બન્યા છે. શ્રી જયંતીભાઇને સત્યાર્થપ્રકાશ હાથ લાગ્યો અને જીવન પલટાઇ ગયું. એટલું જ નહીં, પરંતુ પોતાના પરિવારને પણ વેદ માર્ગ બતાવ્યો. સગા-સંબંધી-સ્નેહીઓને પણ સત્યાર્થપ્રકાશ વાંચવા પ્રેરણા આપી અને કેટલાંયના પથદર્શક બન્યા. સ્વયં સ્વાધ્યાયશીલ હોવાથી અન્ય વેદાનુકૂળ ગ્રંથોનો પણ અભ્યાસ કર્યો, વૈદિક વિદ્વાનોનો સત્સંગ કર્યો, વિવેક જાગૃત થયો અને એક દિવસ એવો આવ્યો કે વૈરાગ્ય જાગ્યો અને ઘડીનો પણ વિચાર કર્યા વિના નર્મદા કિનારે સંન્યાસ દીક્ષા ગ્રહણ કરી. દીક્ષા સ્થળ પણ એ પસંદ કર્યુ કે જ્યાં સ્વામી દયાનંદે ગુરૂ પૂર્ણાનંદ પાસે દીક્ષા ગ્રહણ કરી હતી.

સ્વામી ક્ષમાનંદ એક ગુજરાતી આર્ય સંન્યાસી તરીકે ગુજરાતમાં વેદપ્રચારને વેગ આપશે.

# દરેક આર્યસમાજો સ્વામી શ્રદ્ધાનંદ બલિદાન દિવસ દલિતોદ્ધાર તરીકે ઉજવે. – સુરેશચંદ્ર આર્ય

ગુરુકુળ કાંગડી અને અન્ય અનેક ગુરુકુળોના સ્થાપક, ભારતીય હિન્દુ શુદ્ધિ સભાના સ્થાપક, સ્વતંત્ર આંદોલનના રાષ્ટ્રીય નેતા - અમર શહીદ સ્વામી શ્રદ્ધાનંદજીનો ૯૦ મો બલિદાન દિવસ આગામી ૨૩ ડિસેમ્બરના રોજ છે. જેમણે દલિતોના ઉદ્ધાર માટે દલિતદ્ધાર સભાની સ્થાપના કરી હતી. હિન્દુ સમાજે દલિતો પ્રત્યે ભેદભાવ રાખીને તેઓને વિધર્મીઓની જાળમાં ફંસાવવા મજબૂર કર્યા હતા. સ્વામીજીએ સમય પારખીને તેઓ હિન્દુઓને એક અંગ તરીકે સ્વીકારવા આ સભા બનાવી હતી. આર્યસમાજે પોતાના સ્થાપનાકાળથી જ ઊંચ-નીચના ભેદભાવ દૂર કરવા અને ગુણ-કર્માનુસાર વર્ણવ્યવસ્થા સ્થાપિત કરવા પ્રયત્નો કર્યા છે. તેઓના ફલ સ્વરૂપે અનેક દલિતોએ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરીને સમાજમાં ઉચ્ચ સ્થાને બીરાજ્યા છે.

આમ છતાં પણ દલિત લોકો સાથે ભેદભાવની નીતિ અપનાવાઇ રહી છે. આથી સ્વામી શ્રદ્ધાનંદે ચલાવેલા અભિયાનને આગળ વધારવાની જરૂર છે. લોકજાગૃતિ અર્થે અને આર્યસમાજ દલિતોની સાથે છે એવો સંદેશ આપવા માટે આગામી ૨૩ ડિસેમ્બરનો દિવસ દલિતોદ્ધાર દિવસ તરીકે ઉજવવો. જેમાં નીચેના જેવાં કાર્યક્રમો યોજવા.

- દલિત વિસ્તારમાં યજ્ઞ-સત્સંગ-સભાનું આયોજન કરવું અને તેઓને યજ્ઞમાં યજમાન બનાવવા, તેઓના હસ્તે પ્રસાદ વિતરણ કરાવવું.
- દલિત સમાજના લોકોને આર્યસમાજ મંદિરમાં આમંત્રણ આપવું, અને યજ્ઞમાં યજમાન બનાવવા. તેઓના હસ્તે પ્રસાદ વિતરણ કરાવવું અથવા શક્ય હોય તો સમૂહભોજન રાખવું.
- તેઓને શિક્ષણ, આરોગ્ય, સંસ્કાર-સ્વચ્છતાનું મહત્વ સમજાવવું દૂવ્યસનોથી મુક્ત થવા સમજાવવું.
- આર્થિક રીતે નબળા દલિતોને યથાશક્તિ આર્થિક સહયોગ આપવો.
- તેઓના લગ્ન વગેરે સંસ્કારો નિઃશુલ્ક કરી આપવા યોજના બનાવવી.
- તેઓના બાળકો માટે રમત-ગમત વગેરે વિવિધ સ્પર્ધાઓ રાખવી અને પ્રોત્સાહિત કરવા.
- વિચાર ટી.વી. દ્વારા નિર્મિત ફિલ્મ આહ્વાન જાહેર જનતાને બતાવવી.

## આર્યસમાજ - જામનગર ઉજવશે
# સ્વામી શ્રદ્ધાનંદનો બલિદાન દિવસ.

અમર શહીદ સ્વામી શ્રદ્ધાનંદજીનો બલિદાન દિવસ આર્યસમાજ ઉજવવામાં આવે છે. આગામી બલિદાન દિવસ નિમિત્તે તા. ૨૦ થી ૨૩ ડિસેમ્બર ૨૦૧૬ સુધી વિશેષ કાર્યક્રમો યોજાશે. જેમાં જામનગર જિલ્લાની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતી કન્યાઓ માટે વકતૃત્વ સ્પર્ધા યોજાશે. પ્રતિદિન પ્રાતઃ-સાયં યજ્ઞ અને વેદકથાનું આયોજન કરવામાં આવેલ છે. વેદકથાના વક્તા સ્વામી શાંતાનંદજી સરસ્વતી (વૈદિક ગુરુકુલ - ભવાનીપુર-કચ્છ) રહેશે. વેદકથાનું પ્રસારણ સ્થાનિક ટી.વી. ચેનલમાં કરવામાં આવશે.

યજ્ઞ અને વેદકથાની પૂર્ણાહુતિ તા. ૨૩ ડિસેમ્બર સવારના થશે. ત્યાર બાદ સ્વામી શ્રદ્ધાનંદ બલિદાન દિવસ નિમિત્તે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાશે. આ દિવસો દરમ્યાન વિચાર ટી.વી. દ્વારા નિર્મિત સ્વામી શ્રદ્ધાનંદના જીવન પર આધારિત ફિલ્મ - આહ્વાન - બતાવવામાં આવશે. પ્રાંતીય સભાના સૂચન અનુસાર દલિત્તોદ્ધાર દિવસ મનાવવાનો હોવાથી દલિત ભાઇ-બહેનોને આમંત્રણ આપવામાં આવશે. અને તેઓને યજ્ઞમાં યજમાન બનાવવામાં આવશે. આશીર્વાદ અપાશે.

કાર્યક્રમમાં પધારવા આર્યસમાજ જામનગર દ્વારા હાર્દિક આમંત્રણ છે.

## અસલી મહાત્મા - સ્વામી શ્રદ્ધાનંદ
# પુસ્તક લોકાર્પણ સમારોહ યોજાયો.

અસલી મહાત્મા (સ્વામી શ્રદ્ધાનંદ શુદ્ધિ આંદોલન કે પ્રણેતા) નો વિમોચન સમારોહ યોજાઇ ગયો. આ પુસ્તકના લેખક શ્રી એમ. વી. આર. સ્વામી અને પ્રકાશક - દુર્ગાપ્રકાશન - હૈદ્રાબાદ છે. આ પ્રસંગના મુખ્ય અતિથિ તરીકે શ્રી કૃષ્ણ ગોપાલ, સહ સરકાર્યવાહ - આર. આર. એસ. એ હાજરી આપી.

**વૈચારિક ક્રાંતિ માટે સત્યાર્થપ્રકાશ વાંચો.**

## આર્યસમાજ - જૂનાગઢ દ્વારા
# મહર્ષિ દયાનંદનો નિર્વાણ દિન ઉજવાયો.

આર્યસમાજ જૂનાગઢ દ્વારા તા. ૩૦-૧૦-૧૬ રવિવાર ને દિવસે દિપાવલી, નવસસ્યેષ્ટિ યજ્ઞ, મહર્ષિ દયાનંદ સરસ્વતીના ૧૩૩ માં નિર્વાણ દિવસનો કાર્યક્રમ યોજવામાં આવ્યો. જેમાં સૌ પ્રથમ પર્વ વિશેષ યજ્ઞ કરવામાં આવ્યો ઉપસ્થિત સર્વે એ આહુતિ આપી. યજમાન સ્થાને કાંતિભાઇ કિકાણી સપત્નીક બેઠા હતાં. યજ્ઞ કાર્ય પંડિત કમલેશ શાસ્ત્રીજી દ્વારા સંપન્ન કર્યા બાદ તેઓએ પ્રાસંગિક પ્રવચનમાં દિવાળીનું મહત્વ તેમજ મહર્ષિ દયાનંદના જીવન વિશે પ્રવચન આપ્યુ આભાર વિધિ હુંદરાજભાઇએ કરી અને નવ વર્ષના અભિનંદન પાઠવવામાં આવ્યાં.

www.thearyasamaj.org



| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ગ | મ | વ | પ | બ | ર | ન | લ | ત | ર |
| ન | જી | ગ | વ | ન | ડ | લ | ધિ | શ્વ | ય |
| મ | ન | ત | ય | દ | અ | નિ | ઇ | બ | હ |
| પ | જા | ન | ગ | ન | ણા | વ | ડ | વા | ઘ |
| ગ | પ | ત | ર | રુ | અ | મ | વિ | પ | લ |
| ઉ | દ | ર | ક | ન | લ | ય | દ | તિ | ગ |
| ગ | દ | ગો | ર | ર્મ | ટ | ઠ | કૃ | મ | પ |
| ગ | ર | ન | ય | દ | ઘ | પ્ર | ય | ર | ત |

**ડાબી બાજુએ આપેલ કોઠામાંથી નીચે આપેલ પ્રશ્નોના ઉકેલ શોધો.**

- વિક્રમ સવંત ૧૯૩૭ માં સ્વામી દયાનંદે ક્યા ગ્રન્થની રચના કરી – ૬
- આર્યોના સોળ સંસ્કાર માહેનાં ત્રણ સંસ્કાર – ચોથો ૪, સંસ્કાર દશમો – ૫, સંસ્કાર તેરમો – ૩
- ત્રણ અનાદિ તત્વ ક્યાં ક્યાં છે ? ૨ – ૩ – ૩

દરેક વાચકોને નમ્ર વિનંતી કે કોઠાને રસપૂર્વક વાંચી તેના ઉત્તરો વધુમાં વધુ વાચકો આપે તેવી અપેક્ષા. આ માસના શબ્દકોઠાનો ઉકેલ આવતા અંકે આપવામાં આવશે, તારીખ ૨૫ સુધીમાં સાચો જવાબ મોકલનારનાં નામ પ્રસિદ્ધ કરવામાં આવશે.

અનુસંધાન પાના નં. ૪ પરનું ચાલુ..

## આર્યપરિવાર સ્નેહમિલન – ૨૦૧૬-૧૭

બે મેલ વિવાહ (કજોડા)એ માનવસમાજના પતનનું કારણ છે.

ડૉ. દેવશર્માએ પરિવારને સ્વર્ગ બનાવવાનો રસ્તો બતાવતા જણાવ્યું કે પતિ-પત્ની-પરિવારનાં તમામ સભ્યોએ પરસ્પરનાં ગુણોનાં વખાણ-સ્તુતિ કરવા જોઇએ. આમ કરવાથી બાકીનાં દુર્ગુણ દબાઇ જાય છે. અને સુખ-શાંતિ સ્થાપિત થાય છે.

તેઓએ આગળ જણાવ્યું કે એક આર્યસમાજી તરીકે આપણે સમાજ-સુધારને વિશેષ મહત્વ આપીએ છીએ અને પોતાના ઘર પરિવારના સુધાર તરફ ઓછું ધ્યાન આપીએ છીએ. પરંતુ સમાજના દીપક પ્રગટાવતા પહેલા ઘરનો દીપક પ્રગટાવવો જોઇએ.

ડૉ. દેવશર્માએ ઉપસ્થિત પરિવારજનોને મહર્ષિ દયાનંદના વચન તરફ ધ્યાન દોર્યુંકે ગૃહસ્થાનો મુખ્ય ઉદ્દેશ્ય ઉત્તમ સંતાનને જન્મ આપવાનો છે. જો માદા નિશ્ચિત માર્ગે પતિ-પતીન પરસ્પર સંબંધ બાંધે તો મનચાહી સંતાન પ્રાપ્તિ કરી શકે છે. અને તો જ માનવસમાજ ઉત્તમ બની શકે.

આ પ્રસંગે પં. કમલેશકુમાર આર્ય અગ્નિહોત્રીના પ્રવચનનો પણ લાભ પરિવારજનોને મળ્યો હતો.

ત્રીજો દિવસ કચ્છ દર્શન – (ભ્રમણ)નો હતો. વહેલી સવારે ૬-૦૦ કલાકે આર્યસમાજ ગાંધીધામની ચાર બસોમાં બેસી સૌ રવાના થયા. પ્રવાસનો આનંદ કંઇક અનેરો હોય છે. શ્રી વાચોનિધિ આચાર્યના માર્ગદર્શન હેઠળ રસ્તામાં આવતા વિવિધ સ્થળો સૌએ નિહાળ્યા, સ્થળોનું સૌંદર્ય, મહત્વ, વિશેષતાઓ વગેરે અંગે શ્રી વાચોનિધિએ ઉપયોગી માર્ગદર્શન પૂરૂ પાડયું. સફેદ રણ, ઇન્ડીયા બ્રીજ, કાળો ડુંગર, ભૂજ વગેરેનું ભ્રમણ કરી સાંજે ૬-૦૦ કલાકે સૌ જીવનપ્રભાત પરત ફર્યા ત્યારે સૌ માટે ગરમ ભોજન તૈયાર હતું. જેને ન્યાય આપી સૌ પ્રતિભાગી સ્વસ્થાન જવા રવાના થયા. આમ પરિવાર મિલનનો ત્રિદિવસીય કાર્યક્રમ સફળતાપૂર્વક સમ્પન્ન થયો.

સમગ્ર કાર્યક્રમમાં આવાસ-ભોજન વગેરેની સંદર વ્યવસ્થા આર્યસમાજ ગાંધીધામ દ્વારા શ્રી વાચોનિધિ આચાર્ય અને શ્રી ગુરુદત્ત શર્માની સતત ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી. જીવનપ્રભાતના બાળકો, કર્મચારીગણ વગેરેએ પ્રશંસનીય સહયોગ આપ્યો. સંપૂર્ણ કાર્યક્રમની અધ્યક્ષતા સભા પ્રમુખ શ્રી સુરેશચંદ્ર આર્યએ કરી હતી. તેઓએ પોતાના ઉદ્બોધનમાં જણાવ્યું કે બંને વિદ્વાનો સ્વામી શાંતાનંદજી અને ડૉ. દેવશર્માએ પોતાની જ્ઞાનવાણીનો લાભ આપી ઉપયોગી માર્ગદર્શન પૂરૂ પાડ્યુ છે. વિશેષ રીતે ડૉ. દેવશર્માએ પરિવારોપયોગી ટીપ્સ આપી પરિવાર મિલનના હેતુને સાર્થક કર્યો છે. ભાગ લેનાર તમામ પરિવારજનો, આર્યસમાજોનાં અધિકારી, સદસ્યો વગેરેનો આભાર માનુ છું.

## પં. ભૂપેન્દ્રસિંહ આર્યપદેશકનો વેદપ્રચાર કાર્યક્રમ ગુજરાત પ્રાંતીય સભાનું આયોજન.

ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા દ્વારા વેદપ્રચાર અર્થે સમયાંતરે વિદ્વાનો અને ભજનોપદેશકોને આમંત્રણ આપવામાં આવે છે. તદ્નુસાર દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને અમદાવાદ ક્ષેત્રની આર્યસમાજો માટે પં. ભૂપેન્દ્રસિંહ આર્યોપદેશક (અલીગઢ)ને આમંત્રણ આપવામાં આવેલ છે. તેઓ તા. ૨૯-૧૧-૨૦૧૬ થી તા.૨૫-૧૨-૨૦૧૬ સુધી ઉપરોક્ત ક્ષેત્રમાં પોતાની જોશીલી વાણીમાં ભજન અને ઉપદેશ આપશે. લાગુ પડતી દરેક આર્યસમાજો પોતાને ફાળવેલ દિવસોમાં વધુમાં વધુ લોકો લાભ લે તેવું આયોજન કરવામાં સભા દ્વારા જણાવવામાં આવેલ છે.

જેનું સ્વરૂપ ઇશ્વરની આજ્ઞાનું યથાવત પાલન, પક્ષપાત રહિત ન્યાય, સર્વનું હિત કરવાનું છે, જે પ્રત્યક્ષ આદિ પ્રમાણોથી સારી રીતે પરિક્ષા કરેલ અને વેદોમાં જણાવ્યા મુજબ હોવાથી દરેક મનુષ્યોને માટે એક અને માનવા યોગ્ય છે તેને **ધર્મ** કહે છે.
– મહર્ષિ દયાનંદ

## શબ્દકોઠાનો નવેમ્બર – ૧૬ નો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અ | પ | ત | થ | અ | ગ | ર | મ | પ | દ |
| ર | ઋ | ષિ | દ | યા | નં | દ | ન | નં | ડ |
| જો | ય | જ્યે | ર | ન | ક | ત | જા | ક | ખ |
| જ | ઘ | શા | ઠા | ય | ખ | ર | બ | ત | જા |
| ર | કા | પુ | ધ | દિ | વિ | બ | થ | પ | ય |
| ટે | પ | પ | ર | વા | ભા | ર | સા | મ | પ |
| ત | પ | લ | બ | વી | ગ | ધ્યૂ | ક | ડ | રૂ |
| સ્વા | મી | શ્ર | દ્ધા | નં | દ | ય | ભૂ | મે | ભ |
| યુ | પી | ર | ક્ષા | બં | ધ | ન | જ | મિ | નિ |
| ક | ર | મ | બ | ટ | ઠ | અ | ગ | ય | કા |

www.thearyasamaj.org




# આર્યાભિવિનય

મહર્ષિ દયાનંદ સરસ્વતી

समुद्रोऽसि विश्वव्यचाः । अजोऽस्येकपात् । अहिरसि बुध्न्यः ।वागस्यैन्द्रमसि सदोऽसि । ऋतुस्य द्वारौ मा मा सान्तासम् । अध्वनामध्वपते प्र मा तिर स्वस्ति मेऽस्मिन् पथि देवयाने भूयात् । **यजुर्वेद० ५.३२ ।। १८ ।।**

**વ્યાખ્યા:** નસમુદ્રઽસિ વિશ્વવ્યાપ હે દ્રવણીય (આમોદ-આનંદ) સ્વરૂપ! સર્વ ભૂતમાત્ર આપનામાં જ દ્રવે છે (પ્રાણીમાત્ર આપમાં જ આમોદ-આનંદ કરે છે), કારણકે કાર્ય કારણમાં જ મળે છે. આપ સર્વના (આદિ મૂળ) કારણ છો અને (આપે) સહજતાથી સર્વ જગતનો વિસ્તાર કરેલ છે. આથી આપ **विश्वव्यचाः** છો. **अजोस्येकपात्**: આપનો જન્મ કદી પણ થતો નથી. આ સર્વ જગતમાં આપના થોડાક જ એક દેશમાં (અંશમાં) સમાઇ રહેલું છે. આપ અનંત છો. **अहिरसिबुध्न्यः** આપની હીનતા-અલ્પતા કદી પણ થતી નથી. આપ સર્વ જગતનું મૂળ કારણ તથા અંતરિક્ષમાં પ સદા પૂર્ણ રહો છો. **वागस्यैन्द्रमसि सदोसिः** સર્વ શાસ્ત્રના ઉપદેશદાતા અને અનંત વિદ્યા સ્વરૂપ હોવાથી આપ **ઐન્દ્ર** છો. પરમ ઐશ્વર્ય અને સર્વ વિદ્વાનોમાં સ્થિત હોવાથી આપ **सदः** (સભા સ્વરૂપ) છો. **ऋतुस्य द्वारौ मा मा सन्ताप्तम्** સત્યવિદ્યા અને ધર્મ એ મોક્ષસ્વરૂપ આપની પ્રાપ્તિનાં દ્વાર છે. તેને અમારા માટે કદી સંતાપયુક્ત ન કરો, પરંતુ સુખસ્વરૂપ બની રહે તે માટે ખુલ્લાં રાખો, જેથી અમે સહજ રીતે આપને પ્રાપ્ત કરી શકીએ. अध्वनामित्यादि હે અધ્વપતે! (માર્ગ-સાધનોના સ્વામી) મને પરમાર્થ અને વ્યવહારના માર્ગોમાં કોઇ ક્લેશ (પીડા) ન થાય, પરંતુ તે માર્ગોમાં આપની કૃપાથી મને સ્વસ્તિ (આનંદ) મળતો રહે. અમને કોઇ પણ પ્રકારનું દુઃખ ન થાય.



## અંધવિશ્વાસ અને તેનું નિવારણ

- મદન રહેજા



**અંધ વિશ્વાસ - ભાવના સાચી હોય તો અસંભવ કાર્ય પણ સંભવ થઇ જાય છે.**

નિવારણ - જે કાર્ય અસંભવ હોય તે સંભવ કઇ રીતે થઇ શકે? તે કાર્યને અસંભવ એટલે જ કહેવાય છે કે જે ક્યારેય સંભવ ન થઇ શકે; અને જે સંભવ (શક્ય) છે તેને અસંભવ કહેવું એ મૂર્ખતા છે. આથી ભાવનાનો સંભવ - અસંભવ સાથે કોઇ સંબંધ નથી.

જેવી રીતે આત્મા અમર છે. અ+મર = જે ક્યારેય ન મરે તે. જો આત્મા મરી શકે તો તેને અમર ન કહી શકાય કારણ કે આત્માનું મરવું અસંભવ નથી. આથી એ સંભવ છે.

ભાવના એ મનના વિચારને કહેવામાં આવે છે. એને અંગ્રેજીમાં Feeling કહેવામાં આવે છે. અગ્નિ બાળે છે, જળ શીતળતા આપે છે, વાયુ સુકવે છે. હવા આની વિપરીત ભાવના કરી જુઓ! એવી ભાવના રાખીને અગ્નિ હાથમં લો કે અગ્નિ બાળશે નહીં, તો શું આપનો હાથ દાઝશે નહીં? ઉનાળામાં ઠંડા પાણીથી સ્નાન કરો અને એવું વિચારો કે મને ઠંડક અનુભવાતી નથી, તો એ શું શક્ય છે? ભીના કપડાંને હવામાં સુકવવા રાખો અને ભાવના એવી રાખો કે વસ્ત્રો સુકાય નહીં તો આપણી ભાવનાથી એવું થઇ જશે ? આ તમામનો જવાબ નકારમાં છે.

એક અન્ય પ્રયોગ કરી જુઓ. તમારે દૂધ જોઇએ છે, ઘરમાં દૂધ નથી. તમે સાચી ભાવના કરો કે પાણીનો પ્લાલો ભરીને રાખી દો અને ઇશ્વરને પ્રાર્થના કરો કે આ પાણી દૂધ બની જાય. શું આમ થશે? નહી. કોઇ પથ્થરની મૂર્તિ સામે મિઠાઇ અને ફળ રાખે છે અને સાચી ભાવનાથી ઇશ્વરને પ્રાર્થના કરો કે હે ઇશ્વર! આપ આ વસ્તુઓનો ભોગ કરો. તો શું તે મૂર્તિ તે વસ્તુઓનો ભોગ કરશે? કદી નહીં.

વાસ્તવિકતાને તો માન્યતાઓના રૂપમાં સ્વીકાર કરવી જોઇએ, એ તો બરાબર છે. પરંતુ માન્યતાઓને વાસ્તવિકતામાં પરિવર્તન ન કરી શકાય. જે વસ્તુ જેવી છે તેને તેવી જાણવી, માનવી અને કહેવી સત્ય કહેવાય છે. એનાથી વિપરીત હોય તે અસત્ય કહેવાય છે.

ઇશ્વરે સૃષ્ટિનાં કેટલાંક નિયમો બતાવ્યા છે. જેને ઋત કહેવામાં આવે છે. જેમાં ક્યારેય પરિવર્તન થતું નથી. આથી અસંભવ ક્યારેય સંભવ થઇ શકતું નથી. સંભવ ક્યારેય અસંભવ થઇ શકતું નથી. ઇશ્વરનું વિધાન અટલ છે. અર્થાત્ અપરિવર્તનશીલ છે.

RNI Registration No. GujGuj/2015/63289 RNP No. Rajkot / 672 / 2015 - 17 BOOK-POST
Posted at Rajkot RMS on 6th of every month.

**પ્રેષક :**
**આર્ય વૈદિક દર્શન**
**આર્યસમાજ,**
**મહર્ષિ દયાનંદ માર્ગ,**
**હાથીખાના, રાજકોટ.**
**પિન : ૩૬ ૩૬ ૦૧**

પ્રતિ, ____________________

Publisher & Printer SURESHCHANDRA B. AGRAWAL on behalf o[illegible]AT PRANTIYA ARYA PRATINIDHI SABHA Published at ARYA VEDIC DARSHAN, Gujarat Arya Pratinidhi Sabha Aryasamaj , Nr. Raipur Darvaja Maharshi Dayanand Marg, Kankariya, Ahmedabad And Printed at Nachiket Art Printer, 11, Galaxy Commercial Center, Jawahar Road, Rajkot.